# હંમેશા
# આપની સાથે.

મને ગૌરવ છે કે ધારાસભ્ય તરીકે આપની સેવા કરવાનો મને મોકો મળ્યો છે. નાગરિકોની નાની– મોટી તમામ સમસ્યાઓના હલ માટે હું 24x7 ઉપસ્થિત રહી શકું અને મલબાર હિલની જાહેર જનતાના હિતને લગતા મુદ્દાઓમાં આપણી સાથે ખભે ખભા મિલાવીને ઊભો રહેવા માટે નિરંતર પ્રયત્નશીલ રહું છું.

## મુંબઈનો વિકાસ

છેલ્લા થોડાં વર્ષોમાં મેં કોસ્ટલ રોડનું કામ ઝડપી પૂરું કરીને આપણા વિસ્તારની ભીડ અને ટ્રાફિકની સમસ્યા હળવી થાય તેના માટે વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. મંત્રી તરીકે મેં છેલ્લા બે વર્ષોમાં યુવાનો અને મહિલાઓને સાથે લઈને વૈશ્વિક સ્તરનાં કાર્યક્રમો કરીને ઊચ્ચ ગુણવત્તા ધરાવતા સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટરોની સ્થાપના કરીને તેમને રોજગાર દ્વારા આર્થિક રીતે પગભર થવામાં ઉપયોગી થવાના પ્રયાસ કર્યા છે. આ પરિવારોને આર્થિક સ્થિરતાની તક પુરી પાડવાનું સપનું સાકાર થવા બદલ હું ખુદને ભાગ્યશાળી માનુ છું.

આગામી વર્ષોમાં નિરંતર રોજગાર નિર્માણનાં પ્રયાસ કરવાનું મારું લક્ષ્ય રહેશે. સાથે જ આપણા મતવિસ્તારને હરિયાળો રાખી શુદ્ધ હવા–પાણી મળતા રહે તે માટે પ્રયાસ કરતો રહીશ. આ ઉપરાંત આપણા મલબાર હિલના પરિવારોને ખુલ્લી જગ્યામાં મનોરંજનનો મોકો મળે તે માટે 500 એકર વિસ્તારમાં ગ્રીન ફોરેસ્ટ બનાવવા પર વિશેષ ધ્યાન આપીશ.

## આપણા ધર્મ માટે આસ્થા અને રાષ્ટ્ર માટે આદર

આપણા લોકલાડિલા વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્ર મોદી દરેક ભારતીયનું જીવનધોરણ સુધારીને ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાનું લક્ષ્ય ધરાવે છે. એક સાચા રાષ્ટ્રવાદી તરીકે હું આપણી સંસ્કૃતિ, ધર્મ અને આપણા સામાજિક વારસાને સુરક્ષિત રાખવા પ્રતિબદ્ધ છું.

આપ સહુના આશીર્વાદ સાથે હું આપની સેવામાં સતત કાર્યરત રહી શકું અને મલબાર હિલના રહેવાસીઓના કલ્યાણ માટે કામ કરવાની ફરી તક મળે એવી આશા રાખું છું.

આપનો વિનમ્ર,
**મંગલ પ્રભાત લોઢા**



**એડ. મંગલ પ્રભાત લોઢા, ધારાસભ્ય મલબાર હિલ**
ભાજપ મુંબઈ



**શ્રી નરેન્દ્ર મોદી**
માનનીય વડા પ્રધાન

હું આપના કીમતી સમય માંથી દસ મિનિટ ફાળવી મારા પ્રત્યે આપની વ્યક્તિગત લાગણીને દર્શાવવા તારીખ 20 નવેમ્બરના રોજ મતદાન કરવા નમ્ર વિનંતી કરું છું.

હું _____ ઑક્ટોબર _____ કલાકે આપના વિસ્તારની મુલાકાતે આવી રહ્યો છું. ત્યારે હું આપ સહુને મળવા અભિલાષી છું.

@MP.Lodha @MPLodha @Mangal Prabhat Lodha